# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

૮ માર્ચ જે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે જેના અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા.૦૮/03/૨૦૧૭ ના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌ પ્રથમ સવારે ૮:૦૦ કલાકે યુનિવર્સિટીભવનથી વેટરનરી કોલેજ સુધી એક વિશાળ મહિલા રેલીનું આયોજન કરવામાં આવેલ. આ મહિલા રેલીમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની ૪૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ તથા મહિલા કર્મચારીઓ જોડાયેલ. આ રેલીને ડૉ.એન.સી.પટેલ, મા.કુલપતિશ્રીએ લીલી ઝંડી આપીને પદાર્પણ કરાવ્યું હતું તથા ડૉ.એસ.એચ.અકબરી, નિયામકશ્રી વિદ્યાથી કલ્યાણ અને ડૉ.ડી.આર.કથિરીયા, નિયામકશ્રી ઇન્ફર્મેશન ટેકનોલોજી પણ જોડાયા હતા. ત્યારબાદ સર્વે વિદ્યાર્થીનીઓ તથા મહિલાઓએ ૯:30 થી બપોરે ૧:30 કલાક સુધી ડી. એન. હાઈ સ્કૂલ, આણંદ ખાતે અર્ચના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત "ઉડાન' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ વિશાળ મહિલા સંમેલનમાં આણંદ જીલ્લા કલેકટર શ્રી, પોલીસ અધિક્ષકશ્રી, શ્રી.જી.નારાયણન, કુ. લજ્જા ગોસ્વામી (મહિલા શુટર), કુ. ચેતના રાણા (પર્વાતારોહક) જેવા મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓએ "ચીરૈયા" નૃત્ય તથા "સ્કૂલે જતી આકાંક્ષાની ઉડાન " વિષય પર પ્રતિભાવ પ્રસ્તુત કર્યા હતા.

બપોરે ૩:૦૦ કલાકે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે મહિલા મંડળની બહેનો તથા વિધાર્થીનીઓ માટે હેલ્થ સેન્ટર દ્વારા "બ્લડ ગ્રુપ " અને "હિમોગ્લોબીન" પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.
ડૉ. એસ.એચ.અકબરી, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, ડૉ.અંકિતા કિલ્લેદાર, વુમન કમિટી ચેરમેન તથા શ્રીમતી ઇન્દીરાબેન પટેલ, આકૃયુ મહિલા મંડળના પ્રમુખની હાજરીમાં કાર્યક્રમની શરૂઆત કરી. ચારુત આરોગ્ય મંડળ, કરમસદના "ન્યુટ્રીશનીસ્ટ" તથા "ગાયનેકોલોજીસ્ટ" ડૉ.મનીષાબેન ગોહેલ, "સાએકિયટ્રીસ્ટ" ડૉ.ભારતી શર્મા તથા શ્રીમતી મેધા જોશી જેઓ પ્રખ્યાત લેખિકા તથા "સાયકોલોજીસ્ટ" દ્વારા એક ખૂબ જ રસપ્રદ મોટીવેટીંગ વ્યાખ્યાન આપવામાં આવ્યું.

તા.૨૮/૦૨/૨૦૧૭ થી ૦૪/03/૨૦૧૭ દરમિયાન વિદ્યાર્થીનીઓ માટે "સ્વ બચાવ" તાલીમનું આયોજન કરવામાં આવેલ જેના અંતર્ગત તાલીમ પામેલ વિદ્યાર્થીનો દ્વારા "ડેમો" આપવામાં આવ્યો હતો. "સ્વ બચાવ" તાલીમના કોચ શ્રી ચેતન કૂમકીયા દ્વારા આ તાલીમનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે શ્રીમતી ઇન્દીરાબેન પટેલ દ્વારા મહિલા સશક્તિકરણ અંગે વિચારો અભિવ્યક્ત કર્યા હતા. ડૉ.અંકિતાબેન કિલ્લેદાર દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.


Be Bold For Change
WALKATHON


ANAND AGRICULTURAL UNIVERSITY






અર્ચના ચેરીટેબલ ટ્રસ્ટ - આણંદ




International Women's Day
Be Bold For Change
8 March 2017
Organized By
ANAND AGRICULTURAL UNIVERSITY


B. A. COLLEGE OF AGRICULTURE

B. A. COLLEGE OF AGRICULTURE

B. A. COLLEGE OF AGRICULTURE
International Women's Day
Be Bold For Change
8 March 2017
Organized By
ANAND AGRICULTURAL UNIVERSITY